**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN(o): 2581-6241
**Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal** Impact Factor: 6.471
**Volume - 6, Issue - 8, August - 2023** Publication Date: 05/08/2023

DOIs:10.2018/SS/202308003 --:-- Research Paper / Article / Review

# ‘બુઝાતા દીવાની વાટ સંકોરવાની વાત’

(શગ રે સંકોરુંના સંદર્ભે)

**પરમાર જીજ્ઞાશા જશુભાઈ**
પીએચ.ડી સ્કોલર, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
Email: jignasha.parmar2307@gmail.com

**સારાંશ:** ધર્મ નામના પારસમણીની ફરતે વીંટળાયેલા વિધિવિધાન અને કર્મકાંડોની ચીંથરા એનું ઝગારા મારતું તેજ ઢાંકી દે છે. સામાજિક ગતિવિધિમાં વ્યસ્ત માણસ જે મોહ માયા, ભૌતિક સંપતિ, કામ આદિ બાબતની આંધળી દોડના વેગમાં તણાય છે. તેમની ખરી વાસ્તવિકતાનું જ્ઞાન ભાવકોને થાય છે. અધ્યાત્મિક જ્ઞાનની ફિલોસોફી અર્પતી આ કૃતિ વર્ષા અડાલજાની સર્વોત્તમ નવલકથામાં સારું સ્થાન ધરાવે છે.

**સૂચક શબ્દ:** અધ્યાત્મિક જ્ઞાન, ધર્મ, દાંપત્યજીવન.

## 1. પ્રસ્તાવના:

પ્રસ્તુત નવલકથા વર્ષા અડાલજાએ નવાં જ દ્રષ્ટિકોણથી લખી છે. આ કૃતિમાં અધ્યાત્મિક ભાવને કેન્દ્રસ્થ રાખીને તેની વસ્તુસંકલનાની પસંદગી કરી કલાત્મક ઘાટ આપવામાં આવ્યો છે. કુલ ૨૭ પ્રકરણ અને ૨૯૦ પૃષ્ઠમાં આ નવલકથા વિસ્તરેલી છે. આ નવલકથા માનવજીવનને ધાર્મિકક્ષેત્રનો નવો સંદેશ આપી જાય છે. આ રચનાની પ્રથમ આવૃત્તિ જાન્યુઆરી ૨૦૦૪માં પ્રકાશિત થઈ છે.

**‘બુઝાતા દીવાની વાટ સંકોરવાની વાત.....**

વર્ષા અડાલજાએ પ્રસ્તુત કૃતિ ‘શગ રે સંકોરું’માં આધ્યાત્મિક સંદેશ અને સાથે સાથે સ્ત્રીજીવનની આંતરવેદનાને વાચા આપી છે. લેખિકાએ શીર્ષક પણ કથાનકને અનુરૂપ આપ્યું છે. કથાનાયક અને કથાનાયિકાના દાંપત્યજીવનની વાત આલેખી છે.

કથાનાયક કૃષ્ણકાંતભીનો પરિવાર ધાર્મિકવૃત્તિ વાળો છે. તેમની બંને દીકરીઓમાંથી મોટી દીકરી મેઘનામાં આધ્યાત્મિકભાવ વધારે જોવા મળે છે. કૃષ્ણકાંતભાઈ ચૈતન્યપીઠના ગુરુજીને માને છે. ગુરુજી તેમના ઘરે આવે છે અને જ્ઞાનમહિમાનો લાભ સૌને આપે છે. અમી ગુરુજીને ધર્મ વિશે પ્રશ્ન પૂછે છે ત્યારે ગુરુજી ઉપદેશ આપે છે:

यतोभ्युद्यानि: श्रेयसंसिध्हि सः धर्म ।[१]

(જેના વડે માનવીના અભ્યુદય અને અન્ત્યાંતિક કલ્યાણ સિદ્ધ થાય તે ધર્મ)

પ્રસ્તુત નવલકથામાં ધર્મનો મહિમા તો સમજાવે છે સાથે સાથે કથાનાયકની પત્ની વસંતની આંતરવેદના, ઉપેક્ષા અને દાંપત્યજીવનના સંઘર્ષને પણ આલેખે છે. વસંતના લગ્નજીવનની ગોપિત સમસ્યાને અહીં દર્શાવવામાં આવી છે. લગ્નજીવનમાં સ્નેહના તાણાવાણા ગૂંથતો એકાંત ઓરડો જ દાંપત્યજીવનમાં દુઃખનું કારણ બને છે. સાસુમા મૃત્યુ પહેલા પોતાના પુત્ર એવા કૃષ્ણકાંત પાસેથી ઠાકોરજીની સેવા કરવાનું વચન માંગી લે છે. આથી ધર્મના નીતિનિયમો અને કર્મકાંડોમાં જીવેલ નાયકને માટે ધર્મ જ જીવવાનું ચાલકબળ બની જાય છે.

પતિએ ધર્મગુરુજીના આદેશનું પાલન અને બ્રહ્મચર્યવ્રત પાલનનું વચન આપ્યું હોવાનું જાણતાં જ વસંતના મનમાં અનેક સવાલો ઉઠે છે. ધર્મના નામે વસંત માટે ધૃણા, અવહેલના અને એકલતા આવે છે. અંતે વસંત સંતાનોને ખાતર એ પરિસ્થિતિ સાથે સમાધાન કરે છે.

વસંતને શારીરિક સ્પૃહાની થયેલી ઉપેક્ષા જ નહીં પરંતુ ધર્મના ચુસ્ત એવા પતિ પાસેથી કશુંક શબ્દાતિત સુખ ન મળી શક્યાની પણ વેદના છે. સ્વજાગૃતિ માટે વસંતને વિચારવા પ્રેરે છે. કૃષ્ણકાંત અને વસંતની બંને દીકરીઓ મેઘના પિતાના આદર્શોને અનુસરે છે જયારે વસંત અમીને પોતાનું જીવન જીવવાની બધી જ અનુકુળતાઓ કરી આપે છે. કથાનાયિકા દાંપત્યજીવનની વિષમતાઓ સંતાનોના વિકાસની આડે ન આવે તેથી પતિ સાથે કલેહ ટાળે છે.

વસંત જેટલી સંવેદનશીલ છે તેટલી જ બૌધિક પણ છે. મોટી દીકરી મેઘના સાથે છળ થતાં તેની અંતરવેદનાને સમજી જાય છે. દીકરી માટે થઈને વર્ષો પછી અવાજ ઉઠાવે છે. વસંતની મોટી દીકરી બહુ વર્ષો પછી માતાની વેદનાને સમજે છે અને સામે પ્રશ્ન કરે છે:

**“ તું કઈ રીતે પપ્પા સાથે આટલાં વર્ષો જીવી શકી”**(૨)

આ સવાલથી વસંતને થાય છે કે હવે બસ, જીવન ખળખળ વહી ગયું હતું એ કાંઠે ઊભી રહી ગઈ હતી. જો અને તો નો સમય ક્યારનો વીતી ગયો હતો. સંતાનો ખાતર નિભાવી લીધેલ દામ્પત્યજીવનની પરવા કર્યાં વગર પતિને જ ઘરમાંથી ચાલ્યા જવાનું કહે છે: **“અમે માં દીકરીઓ સાથે મળીને અમારા જીવનની ગુંચ ઉકેલીશું. કૃષ્ણકાંત, તમે ચાલ્યા જાઓ. અમારા ઘરમાંથી, અમારા જીવનમાંથી”**(૩)

**સમાપન:**

આમ, કથાનાયક ધર્મના નામે ભરી જવાનીમાં પત્નીની ઉપેક્ષા કરે છે અને નાની દીકરીને પોતાની વાસનાનું ફળ માની ક્યારેય પ્રેમ કરતો નથી. આખી જિંદગી ધર્મ અને ગુરુજીના નામે ખર્ચી નાખે છે. જયારે પ્રૌઢાવસ્થા આવે છે ત્યારે પત્ની અને દીકરીઓની મદદથી એકલતા દુર કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ પત્ની પોતાના બુજાતા જીવનરૂપી દીવાની વાટ સંકોરવાની વાત કરે છે. ઉંમરના છેલ્લા પડાવમાં સ્ત્રી શું શું કરી શકે તેની ઝાંખી કરાવવામાં આવી છે.

**સંદર્ભસૂચી :**

(૧) વર્ષા અડાલજા, ‘શગ રે સંકોરું’ , આવૃત્તિ ૨૦૧૨, આર. આર. શેઠ કંપની, પૃષ્ઠ નં ૧૯.
(૨) વર્ષા અડાલજા, ‘શગ રે સંકોરું’ , આવૃત્તિ ૨૦૧૨, આર. આર. શેઠ કંપની, પૃષ્ઠ નં ૨૬૬.
(૩) વર્ષા અડાલજા, ‘શગ રે સંકોરું’ , આવૃત્તિ ૨૦૧૨, આર. આર. શેઠ કંપની, પૃષ્ઠ નં ૨૭૨.
* વર્ષા અડાલજા, ‘શગ રે સંકોરું’ , આવૃત્તિ ૨૦૧૨, આર. આર. શેઠ કંપની